| | |
|---|---|
| રજુ તારીખ | ૧૦/૦૭/૨૦૧૭ |
| દાખલ તારીખ | ૧૦/૦૭/૨૦૧૭ |
| ફેંસલ તારીખ | ૦૯/૧૦/૨૦૨૩ |
| સમયગાળો | વર્ષ:૦૬માસ:૦૨દિન:૩૦ |

**મે. મજુર અદાલત, અમદાવાદ ના પ્રિસાઈડિંગ ઓફિસરશ્રી કે.એન.સરવૈયા સાહેબ સમક્ષ.**

રેફરન્સ (એલસીએ) નં. :૪૭૪/૨૦૧૭
આંક–૮

પ્રથમ પક્ષકાર : મે.મેનેજર/પાર્ટનર શ્રી,
૧)વિનાયક ટેકનો વર્કસ,
૨)વરદાયની રીર્સોસ,
બન્ને ઠે.એ/૧૯, પાર્થ એસ્ટેટ, જામફલ વાડી,
કેનાલ રોડ, સીટીએમ, રામોલ, જી. અમદાવાદ–૩૮૨૪૪૯.

: વિરૂધ્ધ :

બીજા પક્ષકાર : શ્રી અચ્છેલાલ સોમલ પંચાલ,
ઠે.૩૮, ગજરાવાડી, રીંગ રોડ, હોટલ સાંઈનાથ પાછળ, ઓઢવ, અમદાવાદ
કે. ઓફ ગુજરાત શ્રમજીવી પંચાયત,
ઠે. નરોતમનગર, નાગરવેલ હનુમાન મંદીર પાસે,
રખીયાલ રોડ, અમદાવાદ.

હાજર રહયા : પ્રથમ પક્ષકાર તરફે :ગેરહાજર.
બીજા પક્ષકાર તરફે : વિ.પ્ર. શ્રી આરબી ચૌધરી.

**–:: એવોર્ડ ::–**

1. આ કામમાં સગવડતા ખાતર હવે પછી આ કામના બીજા પક્ષકાર અને પ્રથમ પક્ષકારોને અનુક્રમે 'અરજદાર' અને 'સામાવાળા' તરીકે સંબોધવામાં આવશે.
2. આ કામના અરજદારને સામાવાળાએ નોકરીમાંથી છુટા કરી દેતા તેઓએ મદદનીશ શ્રમ આયુકતની કચેરી, અમદાવાદ સમક્ષ મદદનીશ શ્રમ આયુકત, અમદાવાદ

નાઓએ તેમના હુકમ ક્રમાંક : નાશ્રઆઅવિ/વિ–૨/આઈડીઆર નં./૭૪/૨૦૧૭ નં. ૭૬૬૧ થી તા. ૧૮–૦૫–૨૦૧૭ના રોજ ઔદ્યોગીક વિવાદનું સમાધાન નહી થતાં, કામદારને સીધા મજુર અદાલત અમદાવાદ સમક્ષ અરજી કરી શકો છે તેવો હુકમ કરેલ.

3. આ કામમાં બીજા પક્ષકારે આક ૧ મુજબ માંગણા નીવેદન રજુ કરેલ અને પ્રથમ પક્ષકારને બજવા છતાં હાજર થયેલ નથી અને અરજદારે આક૬ થી અરજી આપતા જવાબનો હકક બંધ કરેલ ત્યારબાદ અરજદાર તરફે આક ૭ થી સર તપાસનું સોગંધ નામુ તા. ૧૬/૦૭/૨૦૧૯ નાં રોજ રજુ કરેલ અને ત્યારબાદ અરજદાર તરફે કોઈ હાજર રહેલ નથી અને જેથી સરતપાસનુ સોગંધ નામુ ડીસ્કાર્ડ કરી, અરજદારનાં પુરાવાનો હકક બંધ કરેલ અને સામાવાળા તરફે કોઈ હાજર ન હોય પુરાવાનો હકક બંધ કરેલ અને આમ, આ કામના અરજદાર તેમના પુરાવા માટે કોર્ટમાં આજદિન સુધી હાજર રહેલ નથી કે તેમનો પોતાનો કેસ સાબીત થાય તેવો પુરાવો રજુ કરેલ નથી. તે સંજોગોમાં અરજદારને હાલનો રેફરન્સ આગળ ચલાવવા માટે કોઈ રસ હોય તેવું જણાતું નથી. જેથી ન્યાયના હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**–:: હુ ક મ ::–**

બીજા પક્ષકારનો રેફરન્સ કેસ નં. ૪૭૪/૨૦૧૭ તેમની ગેરહાજરી તેમજ પુરાવાના અભાવે નામંજુર યાને રદ કરવામાં આવે છે.

ખર્ચ અંગે કોઈ હુકમ કરવામાં આવતો નથી.

તારીખ : ૦૯–૧૦–૨૦૨૩
સ્થળ : અમદાવાદ.

**(કુત્બુદીન નુરમોહંમદ સરવૈયા )**
**CODE : GJ00966**
**પ્રિસાઈડીંગ ઓફીસર,**
**લેબર કોર્ટ નં. ૨, અમદાવાદ.**